# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સાધનાથી સંગીત પ્રગટે

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

એક ગવૈયૌ બહુ સુંદર વીણા વગાડે. તે એટલું સુંદર વગાડે કે બધા ડોલી ઉઠે. કોઈ ધનપતિએ પૂછ્યું. આવી વીણા ક્યાંથી મળે ? કલાકારે સરનામું આપ્યું અને કિંમત પણ જણાવી. ધનપતિ તો સરનામે ગયા. અને એવી જ વીણા ખરીદી લાવ્યા. પોતાના બંગલામાં ખૂબ સરસ રીતે ગોઠવી દીધી. જે કોઈ મિત્ર-સ્નેહી આવે તે ધનપતિના ઘરમાં શોકેસની વીણા જોઈ ખુશ થાય. તેમનાં બંગલે આવેલા તેમના એક જીગરજાન મિત્રે તેમને કહ્યું, આ વીણા તમે વગાડો છો ? ધનપતિએ વીણા હાથમાં લઈ વગાડવાનો પ્રયત્ન કર્યો. તેમાંથી મધુર સ્વર નીકળવાના બદલે ઘોંઘાટ થયો. આથી ધનપતિ ખૂબ નારાજ થઈ ગયા. અને મનમાં વિચારવા લાગ્યા કે આ વીણામાં કાંઈક ગરબડ લાગે છે. કલાકારે મને ખોટું સરનામું બતાવ્યું લાગે છે. અને આ શેઠ તાત્કાલિક પેલા વીણા વગાડનાર કલાકાર પાસે પહોંચી ગયા અને કહે છે તમારા જેવી જ વીણા તમારા બતાવેલા સરનામેથી હું ખરીદી લાવ્યો છું. પણ તે તો તમારી વીણા જેવી વાગતી નથી. ઘોંઘાટ કરે છે. આવું કેમ થાય છે ?

ત્યારે વીણાવાદક કલાકારે કહ્યું, શેઠ સાહેબ ! તમારી પાસે તો ખૂબ સંપતિ છે. તો સંપત્તિથી પલંગ ખરીદી શકાય પણ ઉંઘ ખરીદી શકાતી નથી. ભોજન ખરીદી શકાય પણ ભૂખ ખરીદી શકાતી નથી, માણસ ખરીદી શકાય પણ વફાદારી ખરીદી શકાતી નથી, વીણા ખરીદી શકાય પણ સંગીત ખરીદી શકાતું નથી. સંગીત તો સાધનાથી પ્રગટે છે. હું તો છેલ્લા વીસ વર્ષથી આની નિયમિત સાધના (પ્રેકટીસ) કરૂં છું ત્યારે સંગીત પ્રગટે છે. તમે પણ હિંમત હાર્યા વિના સાધના શરૂ કરી દો, તમારાથી પણ મધુર સંગીત જરૂર પ્રગટશે જ. સાધન નાનું હોય કે મોટું પરંતુ સાધના વિના સિધ્ધિ મળથી નથી. તમે નિષ્ણાંત માર્ગદર્શક (ગુરૂ) પાસેથી તાલીમ લો તે પછી સતત પ્રેકટીસ ચાલુ રાખો તો સિધ્ધિ મળે.

જે માણસે પોતાનું આખું જીવન આળસ અને પ્રમાદમાં ગાળ્યું હોય તે માણસ બીજા જ દિવસે એકદમ ઉદ્યોગી બની જાય એ સંભવ જ નથી. એક ઉડાઉ માણસ રાતોરાત કરકસરીયો બની જાય અને સ્વચ્છંદી માણસ સદ્‌ગુણી બની જાય એ બહુ ઓછું સંભવી શકે. એના માટે પ્રયત્નશીલ રહેવું પડે.

પ્રભુએ આપેલી આપણી અણમોલ જિંદગી પણ એક વીણા છે. તેના માલિક થવાથી સંગીત નથી પ્રગટતું. પરંતુ જિંદગીને એવી સાધનામય બનાવો કે જીવનમાંથી સંગીત પ્રગટે. એ સાધાનનું નામ છે સંયમ એની સાથે સદ્‌ભાવ, સંતોનો સત્સંગ, ઈષ્ટદેવની ભક્તિ આ બધા જ સદ્‌ગુણો માનવની જીંદગીમાંથી સુમધુર સંગીત પ્રગટાવવાની સાધનાઓ છે.

ધ્રુવજીએ પાંચ વર્ષની ઉંમરમાં જ કઠોર સાધના કરીને અદ્‌ભુત સંગીત પ્રગટાવ્યું. ભક્ત પ્રહલાદજીએ સહનશક્તિની કસોટીમાંથી પસાર થઈને નામસ્મરણની સાધના ચાલુ રાખી સાત જ વરસમાં સંગીત પ્રગટાવ્યું. સ્વામિનારાયણ ભગવાનના હજારો સંતો તથા લક્ષાવધિભક્ત જનોએ વિવિધ વા, વંટોળોને સહન કરીને પ્રતિકુળતાઓ પચાવીને પ્રગટ પુરૂષોત્તમની ઉપાસનાની સાધના ચાલુ રાખી એવું અનોખું-દિવ્ય રમણીય સંગીત પ્રગટાવ્યું. તે સંગીતના મધુર ધ્વનિ આજે પણ આપણને અને સમાજને પવિત્ર બનાવે છે.

મિત્રો ! તમે નાના છો, હજુ વિદ્યાઅભ્યાસ કરો છો તો તમને પણ એક વાત કહેવાનું મન થાય છે. વેકેશન પુરૂ થયું. શાળા કોલેજોનાં સત્રો પુનઃ શરૂ થયાં તો યાદ રાખો કે તમે શાળા કોલેજોમાં ભણવા જાવ છો એ સાધના છે. કેવળ મોંઘાભાવના પુસ્તકો ખરીદી લાવવાથી કે ઉંચા પ્રકારના ટ્યુશનો રાખવાથી સ્નાતક થઈ જવાતું નથી. વિદ્યાની દેવી સરસ્વતી સાધનાથી એટલે કે મહેનત કરવાથી પ્રસન્ન થાય છે. સ્વામિનારાયણ ભગવાને પણ જગતને એજ ઉપદેશ આપ્યો છે કે જે મહેનત કરતો નથી તેના ઉપર ભગવાનની કૃપા પણ થતી નથી. માટે ખૂબ મહેનત કરો અને આગળ વધો. પરંતુ જીંદગીના કોઈપણ તબકકે સત્સંગને ભક્તિથી વિખૂટા ન પડી જવાય તેની સાવધાની રાખજો.

●

## તીર્થધામમાં ગુસ્સો કેમ આવ્યો ?

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

"છો તો એકને દિસો છો દોય,
તેનો ભેદ જાણે જન કોય."

ભગવાનનાં નામ, ગુણ, ચરિત્રો અપરંપાર છે. એવા અનંત, અમાપ, અપાર એવા પરમાત્મા સ્વામિનારાયણ

ભગવાનનું એક નામ છે. ''નરનારાયણ''. તો ચાલો આજે આપણે સ્મરણ કરીએ કે પ્રભુનું આ નામ કઈ રીતે પડ્યું.

આદિ સતયુગની કથા છે. ધર્મ અને મૂર્તિ, જેને આપણે ભક્તિ કહીએ છીએ. એમનું સતયુગમાં મૂર્તિ એવું નામ હતું. ધર્મ અને મૂર્તિ એ ખૂબ તપ કર્યું. દેવતાઓના બાર હજાર વરસ સુધી તપ કર્યું. ભગવાન તો ''તપઃ પ્રિયાય'' છે. ભગવાનને તપ પ્રિય છે. ધર્મ-મૂર્તિના તપથી પ્રસન્ન થયેલા ભગવાને વર માંગવા કહ્યું, ત્યારે ધર્મ-ભક્તિ એ એ વખતે માગ્યું કે તમે અમારા પુત્ર થાવ. બીજી વાર કહે માંગો. બીજી વાર બોલ્યા, ચાર વખત બોલ્યા તમે અમારા પુત્ર થાવ. ભગવાને તથાસ્તુ કહ્યું. એ સમય જુદો હતો. શાસ્ત્રની કથા પ્રમાણે સંકલ્પથી સૃષ્ટિની વૃધ્ધિ થતી.

આદિ સતયુગમાં સંકલ્પ સૃષ્ટિ હતી. ધર્મ અને ભક્તિ ચાર વખત બોલ્યા એટલે ભગવાને તથાસ્તુ કહ્યું ચાર સ્વરૂપે એમની પાસે આવીને ઉભા રહ્યા. નર, નારાયણ, હરિ અને કૃષ્ણ એમાં પોતાના ભક્તોનાં હિત માટે નર અને નારાયણ એ બે સ્વરૂપે ભગવાન બદરીકાશ્રમમાં કાયમ રહ્યા છે.

એક સમયે મરિચ્યાદિક ઋષિ મહર્ષિઓએ ભારતભરના તમામ તીર્થોની યાત્રા કરી. પરંતુ પૃથ્વી પર ચાલતા અધર્મ પાખંડને જોઈ અત્યંત દુઃખી થઈ ગયા. પવિત્ર એવી ભારત ભૂમિના તીર્થોની આવી દશા જોઈ સૌ બદરિકાશ્રમમાં શ્રી નરનારાયણદેવ પાસે ગયા. નરનારાયણદેવનાં દર્શન કરી ત્યારબાદ તીર્થોની હાલત તથા ધરતી પરના અધર્મ, કુસંગ, પાખંડ વધતા જાય છે. તેની ચિંતા ઋષિ મહર્ષિઓએ નરનારાયણદેવ આગળ વ્યક્ત કરી.

આ ઋષિ-મહર્ષિઓની સભા ભરાઈ હતી. અને દુર્વાસાજી ત્યાં આવી પહોંચ્યા. અહીં એક અજબ ઘટના બની. બદરિકાશ્રમ એ નરનારાયણ દેવના તપથી એવું પવિત્ર સ્થાન છે કે ત્યાં સર્પ-નોળીયામાં શત્રુતા રહેતી નથી. અંતઃશત્રુનો ત્યાં પ્રવેશ જ નથી. પણ દુર્વાસાજી ત્યાં ક્રોધને સાથે લઈ પહોંચી ગયા. બસ આજ એક અજબની ઘટના છે. દુર્વાસા ઋષિ તો સભાને છેડે આવી ઉભા રહ્યા. બધા જ મહર્ષિઓ શ્રી નરનારાયણદેવના સ્વરૂપમાં તન્મય બની ગયા હતા. તેથી ખબર ન રહી કે મોટા મહર્ષિ પાછળ આવીને ઉભા છે. દુર્વાસાજીને પોતાનો આદર ન થતો જોઈ ક્રોધે ભરાઈ ગયા. અને શાપ દેવા લાગ્યા. જેને શાપ દેવા હોય એ ગમે ત્યાં દે એને માટે કોઈ ચોક્કસ જગ્યા ન હોય. પ્રવચન કરવું હોય તો માઈક પાસે આવવું પડે. પણ શાપ દેવો હોય તો સભાને છેડે બેઠા પણ દેવાય. દુર્વાસાજી શાપ દેવાવાળા. જેમ માણસને ગાળો દેવી હોય તો ઘરમાં પણ દે. અને ઓફિસમાં પણ દે. અને મંદિરમાં પણ ગાળો દે. છેક બદરીકાશ્રમમાં જઈને ઋષિએ સભાને શાપ દીધો. માણસ જ્યાં યાત્રા કરવા જાય તેવા પવિત્ર સ્થળે અગિયાર હજાર ફીટની ઉંચાઈએ જઈને શાપ દીધો. અહીં બેઠેલા બધા ઉદ્ધત છો. અભિમાની છો. મારું સન્માન નથી કરતા. એટલે કળિયુગમાં જન્મ લ્યો. અને હેરાન થાવ. અને દુર્વાસાજીએ પોતાના શાપનું નિમિત્ત નરનારાયણદેવને પણ બનાવ્યા.

અહી શતાનંદ સ્વામી એક રહસ્ય ઉચ્ચારે છે. અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમ નારાયણ ધરતી ઉપર છપૈયા ગામમાં ધર્મ ભક્તિ થકી પ્રગટ થવાના હતા. એટલે નરનારાયણદેવને નિમિત્ત બનાવ્યા.

નરનારાયણદેવે ધર્મ-ભક્તિને કહ્યું, ''તમે ચિંતા ન કરતા. અસૂરોથી રક્ષા કરવા માટે અમે તમારા થકી જન્મ ધારણ કરશું.''

ભગવાન બદરીકાશ્રમમાં બે સ્વરૂપે છે અને છપૈયામાં પ્રગટ થયા ત્યારે એ સ્વરૂપ તો એક જ હતું. અને એજ અક્ષરધામના અધિપતિ સ્વામિનારાયણ ભગવાન જે નરનારાયણદેવને નિમિત બનાવી પ્રગટ થયા માટે સ્વામિનારાયણ ભગવાનનું જ એક નામ ''નરનારાયણાય નમઃ'' એવું શતાનંદ સ્વામીએ જનમંગલમાં આલેખ્યું. તો પ્રેમથી બોલો ''શ્રીનરનારાયણદેવની જય.''